eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 79
Dec. 1, 2006

## રાજરોગ ટીબી સામે આધુનિક 'ડોટસ'ની લડાઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા નવતર જાગૃતિ કાર્યક્રમ



સને ૧૮૮૨માં શોધાયેલ ટીબીનાં જંતુથી આજદિન સુધી ટીબીના રાક્ષસને નાથવામાં આપણને સફળતા મળી નથી. હજુ પણ ભારતભરમાં દર ત્રણ મીનીટે બે વ્યકિતઓ ટીબીનાં લીધે મૃત્યુ પામે છે. વર્ષભરમાં કુલ ૪ લાખ મૃત્યુ. વર્ષમાં કુલ ૩ લાખ બાળકોને તેમના માતા–પિતાનાં ટીબીને કારણે સ્કૂલ છોડવી પડે છે, દર વર્ષે ૧ લાખ સ્ત્રીઓને ટીબીનાં કારણે ઘરમાંથી પરિત્યાગ થાય છે તથા દર વર્ષે ભારતનાં અર્થતંત્રને રૂા. ૧૨૦૦ કરોડનું નુકશાન થઈ રહયું છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ

''ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૨૮–૧૧–૨૦૦૬ થી તા. ૨૦–૦૧–૨૦૦૭ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ તા. ૨૮–૧૧–૨૦૦૬ના રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૧૫૨, મહાદેવનગર, અડાજણ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના મા. ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્ન ગીત સ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૧૧–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરાના નવનિર્મિત કોમ્યુનીટી હોલ, સુરત ખાતે લગ્ન ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં માધ્યમિક વિભાગ તથા ખુલ્લા વિભાગ મળી કુલ ૪૦ જેટલી શાળા/સંસ્થાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧લી ડિસેમ્બર 'વિશ્વ એઈડસ દિન' નિમિત્તે રેલી, જનજાગૃતિ અભિયાન સહિતનાં કાર્યક્રમોનું આયોજન

સુરત શહેરની આર્થિક પ્રગતિ, ઔદ્યોગિકરણ અને શહેરીકરણના હિસાબે શહેરમાં એચ.આઈ.વી./એઈડસનું પ્રમાણ ભયજનક રીતે વધે છે. આ રોગને અટકાવવા માટે ભારત સરકાર સંચાલિત નેશનલ એઈડસ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો)ના ટેકનીકલ સહકારથી ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી (જીસેકસ)ના નેજા હેઠળ શહેરમાં ૨૫થી વધુ સંસ્થાઓ લક્ષિત જૂથમાં આ રોગ અટકાયતની કામગીરી છેલ્લા સાત વર્ષોથી કરે છે.



વધુ માટે કલીક કરો >>>>>>

# રાજરોગ ટીબી સામે આધુનિક 'ડોટસ'ની લડાઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા નવતર જાગૃતિ કાર્યક્રમ

સને ૧૮૮૨માં શોધાયેલ ટીબીનાં જંતુથી આજદિન સુધી ટીબીના રાક્ષસને નાથવામાં આપણને સફળતા મળી નથી. હજુ પણ ભારતભરમાં દર ત્રણ મીનીટે બે વ્યકિતઓ ટીબીનાં લીધે મૃત્યુ પામે છે. વર્ષભરમાં કુલ ૪ લાખ મૃત્યુ. વર્ષમાં કુલ ૩ લાખ બાળકોને તેમના માતા–પિતાનાં ટીબીને કારણે સ્કૂલ છોડવી પડે છે, દર વર્ષે ૧ લાખ સ્ત્રીઓને ટીબીનાં કારણે ઘરમાંથી પરિત્યાગ થાય છે તથા દર વર્ષે ભારતનાં અર્થતંત્રને રૂા. ૧૨૦૦ કરોડનું નુકશાન થઈ રહયું છે. તેવા સંજોગોમાં એક 'આશાનું કિરણ' એટલે 'ડોટસ' ધ્વારા નિદાન તથા સારવાર પધ્ધતિ. 'ડોટસ' પધ્ધતિનું મુખ્ય પાસુ દર્દીની નજર સમક્ષની સારવાર તથા સારવાર પુરી થાય ત્યાં સુધીની સંપૂર્ણ લાગણીસભર દેખરેખ રાખવામાં આવતી હોવાથી સમગ્ર વિશ્વમાં ખૂબ જ સફળ શ્રેષ્ઠ સારવાર પધ્ધતિ તરીકે પ્રસ્થાપિત થઈ છે તથા વિશ્વનાં કુલ–૧૮૦થી વધુ દેશો આ સારવાર પધ્ધતિ અપનાવી રહયા છે તથા ટીબીને પછાડવા ફકત 'ડોટસ' જ સફળ થઈ શકશે.




સુરત મહાનગરપાલિકામાં પણ 'ડોટસ' પધ્ધતિની સારવાર તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે તથા તેનો બહોળા પ્રમાણમાં લાભ દર્દીઓ લઈ રહયા છે. વધુને વધુ પ્રાઈવેટ પ્રેકટીશનરો પણ આ પધ્ધતિની સારવારથી તેમનાં દર્દીઓને લાભ અપાવી રહયા છે. ઈન્ડીયન મેડીકલ એસોસીએશન–ગુજરાત બ્રાંચમાં તાજેતરમાં યોજાયેલ રાજય લેવલની કોન્ફરન્સમાં પણ 'ડોટસ'નાં કુલ ત્રણ વકતવ્યો વિવિધ નિષ્ણાંતો ધ્વારા પસંદગી પામેલ હતા. કોન્ફરન્સની પૂર્વસંધ્યાએ લોકજાગૃતિનાં ભાગરૂપે 'ડોટસ'નાં કાર્યકરો તથા સીટી ટીબી ઓફિસર ડો. કે. એન. શેલડીયાના માર્ગદર્શન હેઠળ 'ડોટસ વિરૂધ્ધ ટીબી'નાં રાક્ષસનું મહાયુધ્ધ કાર્યક્રમ રેલવે સ્ટેશન સામે જાહેર સ્થળે યોજવામાં આવ્યો હતો. જેમાં અંતે ટીબીનાં રાક્ષસને 'ડોટસ' ધ્વારા ખૂબ જ મેથીપાક આપ્યા બાદ મહાત કરવામાં સફળતા મળી હતી.

તમામ પ્રબુધ્ધ નાગરિકો, સામાજિક સંગઠનો તથા ખાનગી તબીબોને આ પ્રસંગે અપીલ કરવામાં આવે છે કે જો ટીબી હોય તો માત્ર અને માત્ર 'ડોટસ' સારવાર જ લેવામાં આવે તો અને તો જ આપણે દર વર્ષે ૪ લાખ લોકોની જાન બચાવી શકીશું.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ

''ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૨૮–૧૧–૨૦૦૬ થી તા. ૨૦–૦૧–૨૦૦૭ દરમ્યાન હાથ ધરવાનો છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ તા. ૨૮–૧૧–૨૦૦૬ના રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૧૫૨, મહાદેવનગર, અડાજણ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના મા. ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી ડો. જગદીશ પટેલ, ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષશ્રી રૂપીન પચ્ચીગર, ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારી શ્રી ડો. હેમંત દેસાઈ, રાંદેર ઝોનના ઝોનલ ચીફ શ્રી એમ. બી. દારૂવાલા, ન. પ્રા. શિ. સમિતિના શાસનાધિકારી શ્રી કે. વી. દેસાઈ, ઉપ શાસનાધિકારીશ્રી શંકરભાઈ પટેલ, અડાજણ વિસ્તારના મ્યુ. સદસ્યશ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ દલાલ, કુ. પારૂલબેન ભારતી, શિક્ષણ સમિતિના સભ્ય ડો. કિશોરભાઈ લાખાણી, અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસર ડો. શાંતિલાલ પટેલ, ન. પ્રા. શિ. સમિતિના નિરીક્ષકશ્રીઓ વિગેરે હાજર રહ્યા હતા.




કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત નૃત્ય ધ્વારા કરી હતી અને પધારેલા સૌ આમંત્રિત મહાનુભાવોને પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. મા. ડે. મેયરશ્રીએ મંગળદીપ પ્રગટાવી આ કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.

ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ. સી. પટેલે કાર્યક્રમ અંગે જાણકારી આપી હતી. જે મુજબ ન. પ્રા. શિ. સમિતિની ૨૭૬ તથા માન્ય ખાનગી શાળા ૫૧૯ મળી કુલ ૭૯૫ પ્રાથમિક શાળાઓના ૪,૩૬,૦૦૦ થી વધુ બાળકોની આ કાર્યક્રમમાં તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૪૯ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. તબીબી તપાસ દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્ર કૃમી, ચામડીના રોગો, વીટામીન 'એ' અને આયોડીનની ઉણપ જેવા રોગોની સારવાર શાળામાં જ આપવામાં આવશે સ્થળ પર સારવાર ન આપી શકાય તેવી બીમારીવાળા

બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ (૨) સ્મીમેર હોસ્પીટલ (૩) નવી સીવીલ હોસ્પીટલ (૪) જુની સીવીલ હોસ્પીટલ ખાતે આ સારવાર વિના મુલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વિશિષ્ટ ખામીઓ જેવી કે હૃદય, કિડની તથા કેન્સરની ખામીવાળા બાળકોને વધુ સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવશે.

સને ૨૦૦૫–૨૦૦૬ના વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ હેઠળ ૪,૦૩,૫૮૦ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. સામાન્ય બીમારીવાળા ૫૨,૩૬૭ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. ૭૮ બાળકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. ખાસ કેસ તરીકે હૃદયની ખામીવાળા–૧૨૭, કિડનીની ખામીવાળા–૦૫ તથા કેન્સરની ખામીવાળા–૦૨ બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટની તપાસ તથા સારવાર સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે આપવામાં આવી હતી.

મા. ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ વર્ષનાં વિશ્વ આરોગ્ય સંસ્થાના સુત્ર, " હેલ્થ ફોર ઓલ " મુજબ સુરત મહાનગરપાલિકા આ બાબતે જાગૃત હોઈ બાળકોની તંદુરસ્તી માટે બનતાં તમામ પ્રયત્નો કરશે. બાળકોમાં થતી નાની મોટી બિમારીઓથી બચવા માટે જાગૃતિ કેળવવી તથા નાગરિકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ છે. જેથી બાળકોનાં વાલીઓને શાળામાં બોલાવી બાળકોને યોગ્ય પોષણયુકત આહાર મળી રહે અને બાળકોનાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા માર્ગદર્શન આપવા જણાવ્યું હતું. સુરત શહેરનાં નાગરિકોને તથા શાળાનાં શિક્ષકોને કાર્યક્રમમાં સહકાર આપવા જણાવ્યું હતું.

આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો. જગદીશ પટેલે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આજના બાળકો ભારતનું ભવિષ્ય હોય તેઓની શારીરિક અને માનસિક તંદુરસ્તીની અતિ આવશ્યકતા છે અને તેઓની મન ગમતી પ્રવૃતિ કરવા માટે પણ શારીરિક તંદુરસ્તીની જરૂરીયાત છે જેથી બાળકોના સ્વાસ્થ્યની ગંભીરતાથી તપાસ કરી કાળજી લેવા શિક્ષકોને તથા કાર્યક્રમ સાથે સંકળાયેલ તમામને અનુરોધ કર્યો હતો.

ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષશ્રી રૂપીન પચ્ચીગર કાર્યક્રમનું આયોજન કરવા બદલ રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત પ્રયાસને બીરદાવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં શિક્ષકો તથા સુરત શહેરની પ્રજાને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમનું સંચાલન શાળા નં. ૧૫૨નાં શિક્ષિકા શ્રીમતિ જયોતીબેન પટેલે તથા આભારવિધિ આચાર્યા શ્રીમતિ લક્ષ્મીબેન બાબરીયાએ કરી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્ન ગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૧૧–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરાના નવનિર્મિત કોમ્યુનીટી હોલ, સુરત ખાતે લગ્ન ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં માધ્યમિક વિભાગ તથા ખુલ્લા વિભાગ મળી કુલ ૪૦ જેટલી શાળા/સંસ્થાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. પ્રથમ વિજેતાને રૂા. ૩૫૦/–, ધ્વિતિય વિજેતાને રૂા. ૩૦૦/–, તૃતિય વિજેતાને રૂા. ૨૫૦/– તથા આશ્વાસન ઈનામના રૂા. ૨૦૦/–નું રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર મા. ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી, ઉપાધ્યક્ષાશ્રી, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓ ધ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. આમ, માધ્યમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ, ધ્વિતિય અને તૃતિય વિજેતા તથા આશ્વાસન ઈનામો સહિત કુલ ૨૫ તથા ખુલ્લા વિભાગમાં ૧૧ મળી કુલ ૩૬ શાળા/સંસ્થાઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીએ વિજેતા થયેલ શાળા/સંસ્થાઓને અભિનંદન અને વિજેતા ન થનાર શાળા/સંસ્થાઓને આવતા વર્ષે વધુ સારી રીતે તૈયાર કરી વિજેતા નિવડે એવી શુભેચ્છા પાઠવી હાજર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

લગ્ન ગીત સ્પર્ધાનું પરિણામ

| વિજેતા ક્રમ | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
|---|---|---|
| પ્રથમ વિજેતા | આર. બી. ધામી વિદ્યાલય | મલ્હાર |
| દ્વિતીય વિજેતા | અંબાબા હરિપુરા ગર્લ્સ હાઈસ્કુલ | શ્રી એચ. જે. ગજેરા ઈંગ્લીશ મીડી. સ્કુલ |
| તૃતીય વિજેતા | અર્ચના હિન્દી વિદ્યાલય | અર્ચના વિદ્યાભવન |
| આશ્વાસન ઈનામ વિજેતા | શ્રી સી. જી. એસ. એમ. વી. ઈંગ્લીશ મીડી. સ્કુલ | |

નિર્ણાયક તરીકે સર્વશ્રી રામભાઈ રાબા તથા પૂર્ણિમાબેન ઘડિયાળીએ સેવા આપી હતી.






TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧લી ડિસેમ્બર 'વિશ્વ એઈડસ દિન' નિમિત્તે રેલી, જનજાગૃતિ અભિયાન સહિતનાં કાર્યક્રમોનું આયોજન

સુરત શહેરની આર્થિક પ્રગતિ, ઔદ્યોગિકરણ અને શહેરીકરણના હિસાબે શહેરમાં એચ.આઈ.વી./એઈડસનું પ્રમાણ ભયજનક રીતે વધે છે. આ રોગને અટકાવવા માટે ભારત સરકાર સંચાલિત નેશનલ એઈડસ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો)ના ટેકનીકલ સહકારથી ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી (જીસેકસ)ના નેજા હેઠળ શહેરમાં ૨૫થી વધુ સંસ્થાઓ લક્ષિત જૂથમાં આ રોગ અટકાયતની કામગીરી છેલ્લા સાત વર્ષોથી કરે છે.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ સંચાલિત એસ.ટી.ડી.કેર પ્રોજેકટ અંતર્ગત શહેરના તમામ ૨૮ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં જાતિય રોગો/એચ.આઈ.વી./એઈડસની સારવાર ઉપરાંત કાઉન્સેલીંગ (સંપરામર્શ), નિરોધ વિતરણ અને વ્યકિતની વર્તણુકમાં પરિવર્તન કરવાની ઉપરાંત શાળાના બાળકોને જાતિય શિક્ષણ આપવાની જવાબદારી નિભાવે છે.

આગામી તા. ૧ લી ડિસેમ્બરના રોજ " વર્લ્ડ એઈડસ ડે " ની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકાના તમામ ચુંટાયેલા ૧૦૨ કોર્પોરેટરશ્રીઓ માટે તા. ૩૦–૧૧–૨૦૦૬ના દિને સાંજે ૬.૩૦ કલાકે સરદાર ખંડ મીટીંગ હોલમાં એડવોકસી વર્કશોપનું મેયરશ્રી કનુભાઈ માવાણીના વરદ હસ્તે આયોજન કરવામાં આવેલ છે. જેમાં તજજ્ઞ તરીકે ડો. વિકાસબેન દેસાઈ, એડી. ડાયરેકટરશ્રી, કુ.ક.વિભાગ, ગુજરાત રાજય અને અતિથિ વિશેષ તરીકે મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી ઉપરાંત શ્રી ગોવિંદભાઈ ધોળકીયા, રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, કતારગામ અને શ્રી નાનુભાઈ વાનાણી, માજી પ્રમુખ, સુરત ડાયમંડ એસોસીએશન ઉપસ્થિત રહેનાર છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ.ન.પા.ના ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ. સી. પટેલ અને આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ ઈન્ચાર્જ ડો. વી. વી. પરમાર કરનાર છે.

**૧લી ડિસેમ્બર ૨૦૦૬, " વિશ્વ એઈડ્સ દિન "**

**" વચન પાળો, એઈડ્સ અટકાવો "**

**સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ**

TOP